# ગુજરાતી નવલિકા અને સર્જકોની કથનાત્મક વિકાસરેખા

પટેલ ભૂપતભાઈ ધીરૂભાઈ
મુ. ડુંગરી,પોણિયા ફળિયા, તા. પારડી, જી.વલસાડ

ટૂંકીવાર્તાની ઉત્પતિ છેલ્લા બસો દોઢસો વર્ષ અગાઉ થઈ હશે એવું માનવામાં આવે છે. પરંતુ વિદ્વાનોએ આપણી 'હિતોપદેશ'ની તથા 'પંચતંત્ર'ની વાર્તાઓ તેમજ બાઈબલની બોધકથાઓમાં ટૂંકીવાર્તાનાં મૂળ જોયાં છે. પરંતુ એ કથાઓનાં વિધાનો ટૂંકીવાર્તાના સ્વરૂપ સાથે બંધબેસતાં નથી. વાસ્તવમાં ટૂંકીવાર્તા આપણે ત્યાં અંગ્રેજી સાહિત્યની પ્રેરણાથી કે પ્રભાવને કારણે રચાતી થઈ છે. ટૂંકમાં કહી શકાય કે,નવલકથા,નાટક,નિબંધની જેમ ટૂંકીવાર્તા પણ પશ્વિમમાંથી ઉતરી આવેલો એક સાહિત્ય પ્રકાર છે. ટૂંકી વાર્તાની વ્યાખ્યા જોઈએ તો, ''વાર્તા એટલે જોડી કાઢેલી કલ્પિત વાતો'', ધૂમકેતુ–'' જે વીજળીના ચમકારાની પેઠે એક દષ્ટિબિંદુ રજૂ કરતાં સૌસરવી નીકળી જાય અને બીજી આડી અવળી લપ્પન–છપ્પન કર્યા વિના એક અંગુલી નિર્દેષ કરી સૂતેલી લાગણીઓને જગાડી વાચનારની આસ પાસ નવી કલ્પનાસૃષ્ટિ ઘડી કાઢે તે ટૂંકીવાર્તા.'', રા.વિ.પાઠક ''જીવનનાં કોઈક રહસ્યને ઓછામાં ઓછા શબ્દોથી ,ઓછા પાત્રોથી અને ઓછામાં ઓછા બનાવોથી નિરૂપિત કરે તે ટૂંકી વાર્તા.'', મગનલાલ ભટ્ટ–''ટૂંકીવાર્તા એટલે ગદ્યદેહે વિચરતું ઉર્મિકાવ્ય.'', બ.ક. ઠાકોર–''એક જ પલાઠીએ જોઈ લેવાય તે ટૂંકીવાર્તા.'', ઉમાશંકર જોષી–''ટૂંકીવાર્તા એટલે અનુભૂતિકણ''.

કથાવસ્તુ એ ટૂંકીવાર્તાનું અગત્યનું લક્ષણ છે. કથાવસ્તુ ટૂકીવાર્તાનો આત્મા છે. ટૂંકીવાર્તાનું વસ્તુ પ્રમાણમાં નાનું હોવું જોઈએ એના ગર્ભમાં વિશાળ સૃષ્ટિ રચાયેલી હોવી જોઈએ. જેમ બને તેમ વાર્તામાં ઘટનાનો હ્રાસ થયેલો હોવો જોઈએ. ટૂંકીવાર્તામાં પાત્રો અનેક હોઈ શકે પણ મુખ્ય પાત્રની આસપાસ એનો ભાવ કેન્દ્રિત થયેલો હોવો જોઈએ.જેમ બને તેમ ઓછા પાત્રો હોવા જરૂરી છે. આ પાત્રો સજીવ અને જીવંત હોવા જોઈએ. સંવાદ એ ટૂંકીવાર્તાનું આકર્ષક અંગ છે. પાત્રોના સંવાદો દ્વારા વ્યકિતત્વ ઊઘડતું જાય છે. તેથી સંવાદો તેજસ્વી,ચોટદાર,ધારદાર હોવા જોઈએ. વાતાવરણ એ ટૂંકીવાર્તાનું અનિવાર્ય અંગ છે.ટૂંકીવાર્તાનું અનિવાર્ય અંગ છે. ટૂંકીવાર્તામાં સ્થળ ,કાળ,અને પાત્રને અનુરૂપ વાતારણ હોવું જોઈએ. શૈલીનો સંબંધ લેખકના વ્યકિતત્વ સાથે છે તેથી દરેક લેખકની શૈલી આગવી હોવી જરૂરી છે. ભાષાશૈલી એ લેખકની મૂડી છે.

વીસમી સદીના આરંભે 'કાઠિયાવાડ દેશની વાતો'નામનો વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. એ પછી 'ત્રણ ફકીર' નામની વાર્તા મળે છે. ત્રણેય વાર્તાઓને ગુજરાતી સાહિત્યની પ્રથમ વાર્તા કહી શકાય. એવા દાવાઓ થયા છે.પણ આ વાર્તાઓ અનુવાદો કક્ષાની છે. સુધારાના પ્રશ્નોની આસપાસ અટવાટી વાર્તાઓ છે. તથા મૌલિક વાર્તાઓ નથી. જેને ગુજરાતી સાહિત્યની સૌ–પ્રથમ ટૂંકીવાર્તા કહી શકાય એ ઈ.સ.૧૯૧૮ માં પ્રગટ થયેલી મલયાનિલની 'ગોવાલણી'છે.'ગોવાલણી'વાર્તાને ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ ટૂંકીવાર્તા કહી શકાય.આ વાર્તામાં ગોવાલણીનાં મધુર અને મસ્ત વ્યકિતત્વથી પાગલ બની ગયેલો વાર્તાનો નાયક એની પાછળ છેક એનાં આવાસ સુધી પહોંચી જતાં અને અંતે ભોંટપથી પછડાય પડતાં મધ્યમ વર્ગનાં યુવકની કુશળ રજૂઆતભરી પાત્રકથા છે.

મલયાનિલનાં સમકાલીન એવા શ્રી ધનસુખલાલ મહેતા પાસેથી 'પ્રતિબિંબ' અને 'છાયા' નામની નવલિકાઓ મળી છે. 'ગોવાલણી'ની માફક જ આ વાર્તાઓ કલાભરી બની રહે છે.'પહેલો ફાલ','છેલ્લો ફાલ' તથા 'હું સરલા અને 'મિત્રમંડળ' જેવા વાર્તાસંગ્રહો પણ મળે છે.એમની આ વાર્તાઓ મલયાનિલ કરતાં વિશેષ કલાકૌશલવાળી છે.ધનસુખલાલ મહેતાની વાર્તાઓ મોટાભાગે સામાન્ય,મધ્યમ વર્ગનાં ગૃહસ્થ જીવનનું અને સમાજજીવનનું આલેખન થયું છે. 'બા'જેવી એમની વાર્તાને ગુજરાતી ટૂંકીવાર્તાનાં વિકાસમાં મહત્ત્વની કૃતિ તરીકે ઓળખવામાં આવી છે.

મલયાનિલ અને ધનસુખલાલ મહેતાની સાથે મુનશીની વાર્તાઓ ધ્યાન ખેંચે છે. ''મારી કમલા અને બીજી વાતો''(૧૯૨૧) વાર્તાસંગ્રહ મળે છે. એમાં મધ્યમ વર્ગનાં સમાજનું જીવન આલેખાયું છે. સામાજની અજ્ઞાનતા, રૂઢિ, જડતા, વહેમ, અંધશ્રદ્ધા વગેરેનું કટાક્ષમય આલેખન છે. આમ, મુનશીની વાર્તાઓ સમાજનાં કુરિવાજોને ખુલ્લા કરે છે. પછી મુનશી નવલકથા લેખન તરફ વળે છે. જેનાં કારણે પછીથી એમની પાસેથી એમની પાસેથી વાર્તાઓ મળી નથી. મુનશી પછી બટુભાઈ ઉમરવાડિયા,ઈન્દુલાલ યાજ્ઞિક અને લીલાવતી મુનશીનો સમાવેશ થાય છે. આ વાર્તાઓમાં કલાસૂઝનો અભાવ, પ્રમાણભાનનો અભાવ હોવાથી આ વાર્તાઓમાં કલાસૂઝ દેખાતી નથી.પછીનાં સમયગાળામાં પ્રથમ વિશ્વયુદ્ધ થયું. રશિયામાં રાજ્યક્રાંતિ થઈ. આફ્રિકામાં સત્યાગ્રહની લડતનો પ્રયોગ કરી ગાંધીજીએ ભારતમાં પ્રવેશ કર્યો.''ગામડાને જગાડવા જોઈએ એમને લોકહદયમાં પ્રવેશ મળવો જોઈએ.''આ સૂત્ર ગાંધીજીએ આપ્યું જેની અસર પછીના વાર્તાકારો પર થઈ.

ગાંધીજીની વિચારધારાનાં શ્રેષ્ઠ વાહક ધૂમકેતુ બને છે.તેમણે હમદર્દીથી ગ્રામજીવનને વાર્તાઓમાં આલેખ્યું છે. તેમની પાસેથી 'તણખા મંડળ ભાગ ૧ થી ૪ ' પ્રગટ થાય છે. જેમાં મોટાભાગે ગ્રામજીવન ,લગ્નજીવન અને વનજીવન તથા શહેરીજીવનની વિવિધ બાજુઓને આલેખી છે. ધૂમકેતુની વાર્તાઓમાં પ્રજાનાં જૂનાં સંસ્કાર,ત્યાગશીલતા,કલાવૈવિધ્ય,આદર્શ,પ્રકૃતિ પૂજા વગેરે વિશિષ્ટ પાંસાઓને આલેખ્યાં છે. એમની વાર્તાઓ લાગણી અને કલ્પનાની કલાસૃષ્ટિ બની રહે છે. તેથી જ તો એમની વાર્તાઓ મોટાભાગે લાગણીપ્રધાન અને પાત્રપ્રધાન રહી છે. એમણે ૪૫૦ જેટલી વાર્તાઓ આપીને આ વાર્તા સમ્રાટે ગુજરાતી વાર્તાનાં શિખરે પલાઠી લગાવી છે.જેમાં 'પોસ્ટઓફિસ','ભૈયાદાદા','પૃથ્વી અને સ્વર્ગ','એક ભૂલ','આમ્રપાલી','જુમો ભિસ્તી' જેવી પ્રથમ તબક્કાની વાર્તાઓ આપી છે. ધૂમકેતુની સાથે જ ટૂંકીવાર્તાનાં વિકાસમાં સમર્થ વાર્તાકાર 'દ્વિરેફ' રા.વિ.પાઠક ઈ.સ. ૧૯૨૮ માં 'દ્વિરેફની વાતો'નાં ત્રણ ભાગ લઈને આવે છે.એમણે પણ પોતાની નજર ગાંધી ચિંધ્યા રાહ પર સ્થિર કરી તત્કાલીન પરિસ્થિતિનું નિરૂપણ વાર્તાઓમાં કર્યુ છે.મનુષ્યનાં જીવનનાં કોઈકને કોઈક સનાતન સત્વનું દર્શન કરાવ્યું છે.ગ્રામજીવનનું વાસ્તવિક ચિત્ર વાર્તાઓમાં ઓલેખ્યું છે. એ દ્વિરેફની વાર્તાઓની સૌથી મોટી વિશેષતા છે.ભાવના અને વાસ્તવનો સમન્વય વાર્તાઓમાં થયો છે.'ખેમી' ,'મુકુંદરાય','નવો જન્મ','જક્ષણી' જેવી દ્વિરેફની શ્રેષ્ઠ વાર્તાઓ રહી છે.આ સમયગાળા પછી પ્રગતિવાદનું મોજું સમગ્ર દેશ પર ફરી વળે છે. રશિયાની રાજ્યક્રાંતિથી પ્રભાવિત થયેલાં સાહિત્યકારોના સાહિત્યમાં એની અસર પડે છે. જેમાં 'મેઘાણી', ર.વ.દેસાઈ, ગુણવંતરાય આચાર્ય અને સ્નેહરશ્મિનો ફાળો છે.

ટૂંકીવાર્તાનાં વિકાસમાં આ તબક્કાનાં લેખકોમાં મેંઘાણીનો ફાળો મહત્ત્વનો છે.'સૌરાષ્ટ્રની રસધારા'(ભાગ ૧ થી ૫ ) અને 'સોરઠી બહારવટિયા' (ભાગ ૧ થી ૩) જેવા વાર્તાસંગ્રહો જોવા મળે છે. એમની વાર્તાઓમાં ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ,તળપદા જીવનનું જોમ પ્રગટાવે છે. દીન દલિત અને પીડિત માનવીઓ માટેની હમદર્દી અસરકારક રીતે રજૂ થઈ છે. એમની વાર્તઓમાં સૌરાષ્ટ્રનાં માનવીઓનાં ટેક, આબરુ, પ્રેમશૌર્ય, વેર–અદાવત વગેરેનું ચિત્ર દોર્યું છે. જેમાં 'શેત્રુંજીને કાંઠે', 'માણસાઈના દીવા' ,'વહુ અને ઘોડો ' જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે. યુગમૂર્તિ વાર્તાકાર તરીકે ખ્યાતિ પામેલા ર.વ.દેસાઈ (રમણલાલ વસંતલાલ દેસાઈ) એ વાર્તાક્ષેત્રે પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જીવનનાં કોઈકના કોઈ રહસ્યને એમણે વાર્તાઓમાં મુકી આપ્યું છે. ફિલસૂફી પર જેટલી પકડ ધરાવે છે.એટલી કલા ઉપર ધરાવતા નથી. છતાં એમની વાર્તાઓનો ફાળો અગત્યનો રહ્યો છે. જેમાં'પિતરાઈ','ચંદા','ઘોડેસવાર',વગેરે તેમની જાણીતી વાર્તાઓ છે. તેમજ 'ઝાકળ','પંકજ','સતી અને સ્વર્ગ' અને 'હીરાની ચમક' જેવા વાર્તાસંગ્રહો છે. સ્નેહરશ્મિ ધૂમકેતુની માફક ઉર્મિશીલ અને ભાવનાશીલ વાર્તાકાર છે.'ગાતા આસોપાલવ','સ્વર્ગ અને પૃથ્વી','તૂટેલા તાર'અને 'હીરાનાં લટકણિયાં' નામક ચાર વાર્તાસંગ્રહો આપે છે. સ્નેહરશ્મિની સાથે સાથે ગુણવંતરાય આચાર્ય પણ એમની વાર્તાઓ દ્વારા ગણાવી શકાય છે.

આ પછી પ્રગતિશીલ સાહિત્યના આંદોલનથી આપણે વિશ્વ સાહિત્યના પરિચયમાં આવ્યા. માનસશાસ્ત્રનો અભ્યાસ વધ્યો. ફ્રોઈડ,એડગર એલન પો, યુગનો પ્રભાવ વાર્તાઓમાં વિશેષ પડયો. મનોવૈજ્ઞાનિક નિરૂપણ તથા જાતીયવૃતિનું આલેખન વાર્તાઓમાં પ્રવેશે છે.ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે મહત્ત્વનો વળાંક સુન્દરમ્‌ની વાર્તાઓ દ્વારા આવે છે. એમની વાર્તાઓ ઉપર કાલમાર્ક્સ અને ફ્રોઈડની વિશેષ અસર દેખાય છે.'હીરાકણી અને બીજી વાતો', 'ખોલકી અને નાગરિકા','ઉન્નયન','મીનપિયાસી' જેવા વાર્તાસંગ્રહો મળે છે. જેમાં ગાંધી વિચારોનું પ્રતિબિંબ, મૂંગો પ્રણયભાવ,વૈજ્ઞાનિક નિરૂપણ વિશેષ જોવા મળે છે. ગ્રામ સમાજની નિર્દોશતા,નારી અસહાયતાનું ચિત્રણ

જોવા મળે છે. સુન્દરમ્ ગામડાની કુરુકતા તથા વાસ્તવિકતાને આલેખે છે.'ખોલકી','આશા','માને ખોળે',' પેકાર્ડનો પ્રવાસ' ,'જમીનદાર','બીડિયો',વગેરે...એમની શ્રેષ્ઠ વાર્તાઓ રહી છે.

સુન્દ્રમની સાથે સાથે ઉમાશંકર જોષીની વાર્તાઓ ઘ્યાન ખેંચે છે.'શ્રાવણીમેળો'વાર્તાસંગ્રહ દ્વારા વાસ્તવિકતા અને રંગરાગીપણાનો સુમેળ એમની વાર્તાઓમાં ઉભી કરી શકયા છે.'ત્રણ અર્ધું બે' વાર્તાસંગ્રહ દ્વારા એમણે નગરજીવનની સૃષ્ટિ ઊભી કરી છે.'મારી ચંપાનો વર' એ ઉમાશંકર જોષીની વિશિષ્ટ પ્રકારની વાર્તા છે. ઉમાશંકરની વાર્તાઓ જીવંત પાત્રાલેખન,માર્મિક સંવાદો,સુશ્લિષ્ટ વસ્તુ–નિરૂપણ તથા રસવતી ભાષાશૈલીને કારણે ઉમાશંકર જોષીની વાર્તાઓ આકર્ષક બની છે. આ પછી ટૂંકીવાર્તાનાં વિકાસક્રમમાં ગુલાબદાસ બ્રોકરનો ફાળો સૌથી મહત્ત્વનો રહ્યો છે. બ્રોકરની વાર્તાશૈલી સીધી અને સરળ છે. બ્રોકરની વાર્તાઓ વિશેષ કરીને નગરજીવનમાંથી આવી છે. એમની વાર્તાઓમાં સ્ત્રી પુરુષના સંબંધો તથા પ્રેમનાં વિશિષ્ટ અને વિચિત્ર વ્યવહારોનું નિરૂપણ વિશેષ પ્રમાણમાં કર્યુ છે. પ્રણય કે પ્રણય ત્રિકોણ એમની જાણીતી વાર્તાઓમાં 'નીલીનું ભૂત' ,'લતા શું બોલે?' તથા 'ગુલાબુદીન ગાડીવાળો છે.વાર્તાનાં વિકાસમાં જયંત ખત્રીની વાર્તાઓ વિશેષ નોંધપાત્ર રહી છે. તેમની વાર્તાઓ કલાત્મકતાઓને સ્પર્શે છે. સમાજનાં દીન દલિત,પીડિત વર્ગની કઠોર વાસ્તવિકતા વિશેષ ઘ્યાન ખેંચે છે.એમની જાણીતી વાર્તાઓમાં 'લોહીનું ટીપું','માટીનો ઘડો' અને 'હીરોખૂંટ' છે.

ગાંધીયુગનાં અંતે 'ધુધવતાં પૂર'(૧૯૪૫) વાર્તાઓ દ્વારા ગ્રામજીવનની આકર્ષક કથાઓ લઈને આવનાર ચુનીલાલ મડિયા પ્રવેશે છે. શહેરી–જીવનને એમણે વાર્તાઓમાં ગૂંથ્યું છે.એમની વાર્તાઓમાં મનુષ્યની નબળાઈઓ પ્રગટ કરવા તરફનો ઝોક વિશેષ રહ્યો છે.વ્યવહાર જીવનની નક્કર વાસ્તવિકતા,માનવ જીવનનાં તાણાં-વાણાં, તેનાં કારણે જીવનમાં ઉભી થતી કરુણ પરિસ્થિતિ એમની વાર્તાઓની લાક્ષણિકતા છે. ઈ.સ.૧૯૫૦ માં દેશની અને દુનિયાની પરિસ્થિતિ બદલાય છે. ગામડું એનું આકર્ષણ કયારનું ગુમાવી બેઠું હતું. શહેરનાં પ્રશ્નો અને જાતીય જીવનનાં સવાલો એની નવીનતા ગુમાવી બેઠા હતા.બીજા વિશ્વયુદ્ધનો ભીષણ સંહાર જોઈને માનવી સ્તબ્ધ તથા ભયભીત બની ચૂકયો હતો. આજ સમયમાં ભારત –પાકિસ્તાનનાં ભાગલા પડયા. કોમી રમખાણો થયા,ગાંધીજીની હત્યા થઈ,અછત અને મોંઘવારી,હતાશાને વધારવાનું કામ કરી ગઈ હતી.તો યંત્ર યુગી માનવીને યંત્ર જેવું નિર્જીવ બનાવી મૂકયો હતો. જેનાં પરિણામે આપણે ત્યાં વાર્તામાં નવી અસરો જોવા મળી જે સુરેશ જોશીની ૧૯૫૫ માં પ્રગટ થયેલી 'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહથી જોવા મળે છે. એટલે કે,વાર્તામાં ઘટનાનો હાસ્,એમાં જીવન મૂલ્યો તથા નૈતિક મૂલ્યોની વિડંબના.,સૌંદર્યને બદલે કુરુપતા અને જુગુપ્સાનું આલેખન,અસ્તિત્વની ફિલસૂફીનું ભારણ, સીમાચિન્હ અસ્તિત્વવાદ અને પરાવાસ્તવનો સ્વીકાર, નિરૂપણમાં આંતરિક ચેતનાનું આલેખન વગેરે આલેખિત છે.

સુરેશ જોષી પછી ચંદ્રકાન્ત બક્ષીએ નગરજીવનની અભિજ્ઞતાનું આલેખન કરતી વાર્તાઓ આપી છે. યંત્ર સંસ્કૃતિમાંથી જન્મેલી નગરજીવનની એકવિધતા એમાંથી જ પેદા થયેલી કૃત્રિમતા એને લીધે અનુભવાતો દંભ, દંભનો ઓથાર એમાંથી છટકવા મથતી નિઃસહાયતા,એનાં પરિણામે મનમાં જાગતો વિષાદ અને પરિણામે જીવન કોઈ પણ ભોગે અને કોઈ પણ રીતે જીવી નાંખવાની મનોવૃતિ બક્ષીની વાર્તાઓમાં જોઈ શકાય છે.ચંદ્રકાન્ત બક્ષી પછી પ્રતીકપ્રધાન વાર્તાલેખનમાં 'સળિયા' અને 'ચર્ચબેલ' વાર્તાસંગ્રહથી રાધેશ્યામ શર્માએ આધુનિક યુગમાં અનોખી સિદ્ધ પ્રાપ્ત કરી છે. માનવીનાં ચાક્કસ વર્તન પાછળનાં કારુણ્યને પ્રગટ કરતી નોંધપાત્ર નવલિકાઓ આપી છે.તો એમની સાથે ધીરુબહેન પટેલ,સરોજ પાઠક, વિનેશ અંતાણી,વિભૂતી શાહ, ચિનુમોદી, વસુબેન ભટ્ટ અને મફત ઓઝા જેવા આધુનિક યુગનાં વાર્તાકારોએ માનવમનની ગતિ–વિધીઓને આલેખતી વાર્તાઓ આપી છે. આ નવી વાર્તાઓમાં માનવ પ્રવાહોનાં આલેખન દ્વારા તો કયારેક વાર્તાઓમાં માનવ પ્રવાહોનાં આલેખન દ્વારા તો કયારેક પ્રતિકો દ્વારા તો કયારેક સંવાદોની મદદથી આજનો વાર્તાકાર વાચકને સીધો વાર્તાનાં કેન્દ્રમાં લળ જાય છે. આધુનિક વાર્તાઓ પછી નવલિકાનો એક નવો પ્રકાર લઘુકથા મોહનલાલ પટેલે અજમાવ્યો. એમનાં પછી રામજીભાઈ કડિયા,ભગવત સુથાર,ઈશ્વર પરમાર જેવા વાર્તાકારોએ લઘુકથાનો પ્રકાર ખેડયો છે. જેમાં પાત્રનાં જીવનની એકાદ રહસ્ય ગર્ભક્ષણલઈ માનવજીવનની ગતિવિઘીઓનું આલેખન કર્યુ જ છે. આમ,ટૂચકામાંથી એકતાર અથવા તણખો વાર્તાનો જે આધુનિક પ્રવાહમાં છેક લઘુકથા સુધી પહોંચી જાય છે.આમ,ટૂંકીવાર્તાની વિકાસયાત્રાની આગેકૂચ હજુયે આગળ ચાલતી રહેશે.